લાંબી જીભ એટલે
જીંદગી ટૂંકી
- શેખ સાદી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




વર્ષ : (૨૭) અંક નં. ૫૯ | ૯ મે ૨૦૧૨, બુધવાર, વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# કોર્ટ સંકુલમાંથી આરોપી નાસી છૂટ્યો....

## પ્રથમ મજલેથી બેઠક શેડ પર છલાંગ લગાવી ફિલ્મી ઢબે ફરાર : સે. ૬ ડબલ મર્ડર કેસ ઉપરાંત અન્ય એક ખૂનના ગુનામાં સંડોવાયેલા આમીનને સવારે કોર્ટમાં મુદત અર્થે લવાયો હતો

### ભાગવા માટે આરોપીએ પ્રિ-પ્લાન કર્યો હતો..!!

ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડીંગમાંથી કૂદીને ભાગેલા મર્ડર કેસના આરોપી આમીન બાદશાહ મન્સુરીને ગઈકાલે પણ કોર્ટ મુદત અર્થે લવાયો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે નાસી છૂટવા માટે આરોપીએ પ્રિ-પ્લાન બનાવ્યો હોવાની સંભાવના પણ પોલીસે વ્યક્ત કરી છે. કોર્ટ બિલ્ડીંગમાંથી જમ્પ લગાવ્યા બાદ કેમ્પસ બહાર તૈયાર બાઈક પર બેસીને આરોપી ભાગી ગયો હોવાનું પણ પોલીસના ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આજે સવારે મુદત અર્થે રજૂ કરાયેલ ડબલ મર્ડર કેસનો આરોપી કોર્ટ બિલ્ડીંગમાં પ્રથમ મજલેથી છલાંગ લગાવી ફિલ્મીઢબે ફરાર થઈ ગયો હતો. આરોપીને જાપતા પોલીસ આજે મુદત માટે કોર્ટ રૂમ સુધી લઈને આવી ત્યારબાદ બિલ્ડીંગના પ્રથમ મજલેથી વકીલોના બેઠક શેડ અને કારના છાપરે કુદી પલવારમાં જ બાઈક પર પલાયન થઈ ગયેલા આરોપીને શોધવા પોલીસતંત્રએ સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં આરોપી આમીન બાદશાહ મન્સુરી ઉં.વ. ૨૪ને જાપ્તા પોલીસના પહેરામાં મુદત અર્થે લાવવામાં આવ્યો હતો. ઘ-૩ નજીક અગાઉ મર્ડર કરવાના કેસમાં સંડોવાયેલ આરોપી આમીન બાદશાહ ગત વર્ષ દરમિયાન સે. ૬માં તબીબ પુત્રી તેમજ માતાના ખૂન કેસનો પણ મુખ્ય આરોપી છે. ખૂનના ગુનામાં સંડોવાયેલા આમીનને આજે જાપ્તા પોલીસ કોર્ટ બિલ્ડીંગમાં મુદત અર્થે લઈને આવી ત્યારે કોર્ટરૂમ પાસેની બારીમાંથી આરોપીએ નીચે સ્થિત વકીલોના બેઠક રોડ પર છલાંગ લગાવી હતી. ત્યારબાદ કોર્ટ સંકુલની કમ્પાઉન્ડ વોલ કૂદીને પાર્કીંગમાં પાર્ક થયેલી કારના છાપરે થઈ આરોપી બાઈક પર બેસીને પલવારમાં જ ફિલ્મીઢબે ફરાર થઈ ગયો હતો. સે. ૬ ડબલમર્ડર સહિત અગાઉના અન્ય એક ખૂન કેસના સંગીન ગુનામાં સંડોવાયેલા આરોપી કોર્ટ બિલ્ડીંગમાંથી આંખના પલકારામાં જ પોતાનો બદઈરાદો પાર પાડવામાં કામિયાબ નિવડતા પોલીસતંત્ર પણ દોડતું થઈ ગયું હતું. બીજીતરફ વકીલોમાં પણ આ મામલે ચર્ચાએ ગરમાવો પકડ્યો હતો. મર્ડર કેસનો આરોપી કોર્ટમાંથી ચકમો આપી ફરાર થતા પોલીસતંત્રમાં પણ ચિંતાના વાદળો સાથે મોટો શિરદર્દ ઉભો થયો છે. ફરાર આરોપી આમીન મન્સુરીને ફરી કેદ કરવા જિલ્લા પોલીસે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજ્યભરમાં ગરમી વધતાં ઉકળાટ ગાંધીનગરમાં ૪૦.૨ ડિગ્રી તાપમાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર, અમદાવાદ સહીત રાજ્યમાં ગરમીના પ્રમાણમાં થોડો વધારો થયો હતો. તેમજ હવામાં ભેજનું પ્રમાણ વધતા સખત ઉકળાટનો અનુભવ નાગરીકોએ કર્યો હતો. ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. રાજ્યના પાંચ શહેરમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૪૧.૧ ડીગ્રી નોંધાઈ હતી જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૪૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૯.૯ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૨ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૦ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૯.૨ ડીગ્રી, સુરતમાં ૩૬.૪, ભુજમાં ૩૭.૬, પોરબંદરમાં ૩૨.૮, નલીયા ૩૪.૩ ડિગ્રી નોંધાયું હતું.



ગરમીની સાથે ગાંધીનગરમાં ફળ-ફૂલોની મૉસમ પણ મ્હોરી છે, જેના કારણે આવાં સુંદર દ્રશ્યો જોવા મળી રહ્યાં છે.પ્રસ્તુત તસવીરમાં દેખાતો નગરનો 'જ' રોડ પણ એ જ કારણે આવો સુંદર થઈ ગયો છે. (તસવીર : દીપક જાની)

## મીઠા ઉત્પાદનમાં વધારા અને ઉદ્યોગોના વિકાસ માટે કોર કમીટીની રચના

ગાંધીનગર, તા.૮

રાજયમાં મીઠાના ઉત્પાદનમાં વધારો થતા મીઠા આધારિત મુલ્યવૃદ્ધિના ઉદ્યોગો વિકસાવવાની શકયતાઓ તપાસવા માટે રાજય સરકારે ઉદ્યોગ કમિશનરના અધ્યક્ષ પદે એક કોર કમિટીની રચના કરી છે.

રાજયમાં મીઠા ઉદ્યોગના વિકાસ મીઠા ઉદ્યોગ માટેની આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા તેમજ અગરિયાઓ માટેની કલ્યાણકારી યોજનાઓને મંજૂરી આપવા (મીઠા ઉદ્યોગ રાજયમંત્રી) ના અધ્યક્ષપદે એક ઉચ્ચ સ્તરીય સત્તાધિકારીની એમ્પાવર્ડ કમિટીની રચના કરવામાં આવેલી છે.

વર્ષ ૨૦૧૦-૧૧ની સ્થિતિએ રાજયમાં સાદા મીઠાનું ઉત્પાદન દેશના કુલ ઉત્પાદન સામે ૭૭ ટકા અને આયોડીન યુકત મીઠાનું ઉત્પાદન દેશના કુલ ઉત્પાદન સામે ૫૦.૧૬ ટકા જેટલું રહેલ છે.

રાજયનો ૧૬૦૦ કીમીનો દરિયાકિનારો અને મીઠાના ઉત્પાદન વધારવાની શકયતાઓ જોતા રાજયમાં મીઠાનું ઉત્પાદન વધે અને મીઠા ઉદ્યોગમાં વેલ્યુ એડીશન થાય તે જરુરી જણાયું છે. આ ઉપરાંત રાજયમાં મીઠાનું ગુણવત્તાસભર ઉત્પાદન વધારવા તથા મીઠા ઉદ્યોગમાં મુલ્યવૃદ્ધિ સાથેના ઉદ્યોગો

● અનુસંધાન પાન-૫ પર






## ગાંધીનગર અને અમદાવાદમાં જાહેર સ્થળો પર ત્રાસવાદીઓના પોસ્ટર લગાવાયા

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં આતંક મચાવવાના ઈરાદાથી છ આતંકવાદીઓ ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયુંછે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા તંત્ર દ્વારા તમામ જગ્યાઓએ સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. ઉંડી ચકાસણી ગુપ્ત રીતે પણ ચાલી રહી છે. ગુજરાતમાં છ આંતકવાદીઓ ઘૂસ્યા હોવાના ઈનપુટ્સ આઈબી દ્વારા આપવામાં આવ્યા બાદ સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ગાંધીનગર-અમદાવાદમાં નાગરિકો આંતકીઓથી વાકેફ થાય અને તેમને ઓળખી શકે તે માટે શોપિંગ મોલ્સ, ગાર્ડન, રેલવે સ્ટેશન, બસ સ્ટેડન્ટ સહિતના વિસ્તારોમાં આતંકીઓના પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આતંકીઓ મોબાઈલ ફોન ઉપરાંત એસીટીડ-પીસીઓ ફોનનો ઉપયોગ કરતા હોય છે.

આ ઉપરાંત એસટીડી-પીસીઓ પરથી ફોન કરી લોને ધમકી આપવાના કિસ્સામાં ધરખમ વધારો જોવા મળ્યો છે ત્યારે અમદાવાદ પોલીસ કમિશનર એસ.કે. સાઈકીયાએ નવુ જાહેરનામુ બહાર પાડ્યું છે.






### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૯-૫-૧૨, બુધવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. પાવર સેલ, સેક્ટર-૨૬, જીઆઈડીસી
૨. સેક્ટર-૨૪

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

## જાહેર આમંત્રણ

આથી ગાંધીનગર, માણસા, કલોલ, વિજાપુર, અમદાવાદ તેમજ ગુજરાતની તમામ બાર એસોસિએશનના વકિલ મિત્રોને જણાવવાનું કે, તા. ૧૦-૫-૨૦૧૨ના રોજ બપોરે ૨-૦૦ થી સાંજે ૮-૦૦ કલાક દરમિયાન ટાઉન હોલ, સેક્ટર નં. ૧૭, ગાંધીનગર ખાતે લાખીયા એન્ડ બ્રધર્સ પાર્ટી દ્વારા સંગીત સંધ્યા અને સિનિયર વકિલનું સન્માન તેમજ વકિલ મિત્રોના તેજસ્વી તારલાઓનું સન્માન તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. તો આ પ્રસંગે તમામ વકિલ મિત્રોએ સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા માટે ભાવભર્યું નિમંત્રણ છે.

: સમારંભના મુખ્ય મહેમાનશ્રી :
**કરણસિંહ બી. વાઘેલા-એડવોકેટ**

### અતિથિ વિશેષ

- શંકરસિંહ ગોહિલ, પૂર્વ પ્રમુખ, ગાંધીનગર
- પી. પી. બિહોલા, પૂર્વ પ્રમુખ, ગાંધીનગર
- વિજયસિંહ વાઘેલા, પ્રમુખ ગાંધીનગર બાર એસો.
- સંજયસિંહ એ. વાઘેલા, ઉ.પ્ર. ગાંધીનગર બાર એસો.
- પી. ટી. અમીન, મંત્રી ગાંધીનગર બાર એસો.
- એમ. આર. જોષી, માજી પ્રિન્સીપાલ લો કોલેજ
- આર. કે. પટેલ, પૂર્વ પ્રમુખ
- વિનોદ કે. બારોટ, પૂર્વ પ્રમુખ ડી. બાર
- પી. પી. જોષી, પૂર્વ પ્રમુખ
- અનિલ આસોદિયા, મા. મંત્રી, ગાંધીનગર
- મહેન્દ્રસિંહ ચાવડા
- જીતેન્દ્રભાઈ પરીખ
- વિપુલ વાઘેલા
- રજનીકાંત દિક્ષિત
- યોગેશભાઈ પટેલ
- અલ્લારખા શેખ
- કિરણસિંહ ચૌહાણ
- જગતસિંહ ચૌહાણ
- અશ્વિન ત્રિવેદી
- હિતેશ ત્રિવેદી
- અમરતજી ઠાકોર, પ્રમુખ માણસા બાર એસો.
- સંજય એ. સાધુ, સિનિયર એડવોકેટ, વિજાપુર
- મયંક બારોટ, વિજાપુર બાર એસો.
- જીવણભાઈ પટેલ, પ્રમુખ દહેગામ બાર એસો.
- ભાનુભાઈ પટેલ, પ્રમુખ કલોલ બાર એસો.
- પ્રશાંત રાવલ
- જે. જી. પંચાલ, ગાંધીનગર સિનિયર એડવોકેટ
- ગજેન્દ્રસિંહ રાઠોડ, સહ મંત્રી ગાંધીનગર એસો.
- પારસ વ્યાસ
- ભરતભાઈ પંડ્યા
- ભરતભાઈ રાવલ
- અતુલભાઈ પંડ્યા
- અનિરૂદ્ધસિંહ રાઠોડ
- દિલીપસિંહ વાઘેલા
- એચ. કે. પંચાલ
- ગૌરાંગ પટેલ
- કિરીટભાઈ પટેલ
- આર. એમ. બિહોલા
- પ્રવિણસિંહ રાઠોડ
- પ્રકાશસિંહ બિહોલા
- યુ. એમ. ધોળકીયા
- ડી. જી. પટેલ (નોટરી)
- દુષ્યંત દેસાઈ (નોટરી)
- જીગ્નેશ પટેલ
- રણછોડભાઈ રબારી
- દિલીપ ઠાકોર
- તેજસ દવે
- એ. જી. જયસ્વાલ
- લાલસિંહ બિહોલા
- મયંકભાઈ વોરા
- પરમાર દક્ષાબેન જી.
- દિલીપસિંહ બિહોલા
- રાઠોડ બિન્દુબેન આર.

નિમંત્રક
**અજીતસિંહ એ. ગોહિલ**
(પ્રમુખશ્રી ઈન્ડીયન એસો. ઓફ લોયર્સ - ગુજરાત)
(પૂર્વ પ્રમુખ ગાંધીનગર બાર એસો. - ગાંધીનગર)